છેલ્લા એક વર્ષથી ત્રણ દિકરાની મા વૃદ્ધાશ્રમમાં રહેતા હતા

# કૈલાસ વૃધ્ધાશ્રમનાં રેવાબાને દિકરા દ્વારા સિવિલથી સીધા મુકિતધામ લઈ જવાયા

ગાંધીનગર, તા.૨૫

પશ્ચિમી સંસ્કૃતિના દૂષણોમાં અથડાયેલી આજની યુવા પેઢીની હરકતો તંદુરસ્ત સમાજ જીવનના અસ્તિત્વ માટે ખતરારૂપ બની છે. આધુનિક યુગમાં બદલાતા સમયના વહેણની સાથે વેદના સંવેદના અને સંસ્કારો ગુમાવતા કળીયુગી સંતાનો પણ જાણે 'મશીન મેડ' જેવા પત્થરદીલ બની ગયા હોવાનો આઘાતજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વૃધ્ધાશ્રમમાં અંતિમ શ્વાસ

આમ તો જીંદગીની મંઝીલ બહુ લાંબી નથી પણ એ મંઝીલ પાર કરતાં આયખું વીતી જાય છે. ૭૦, ૮૦, ૯૦ વર્ષ તો ખરા જ... મંદિરના પગથિયા ઘસીને, બાધા આખડી રાખીને, વ્રત-ઉપવાસ કરીને ક્યારેક કોઈ ખોળાનો ખુંદનાર પ્રાપ્ત કરે છે અને આ પ્રસંગે મા હરખઘેલી થઈ પેંડા વહેંચે છે. એ દીકરાને ઉછેરવાના કેટલા અરમાનો હોય છે માને. એમાંય જેને ત્રણ ત્રણ દીકરા હોય તે મા કેટલી ભાગ્યશાળી હોય? તેને દુઃખ



(તસવીર : દિપક જાની)

લઈ જીવનને અલવિદા કહેનાર માતાને પોતાના સગા પુત્રએ સીધા અંતિમધામ લઈ જવાનો 'શોર્ટ કટ' અપનાવી લીધો..!! શહેરની સિવિલ હોસ્પિટલમાંથી જ માતાના મૃતદેહની નનામીને સ્મશાન પહોંચાડી દેવાઈ! શહેરના ઈતિહાસમાં આ કદાચ પ્રથમ કિસ્સો હશે કે મૃત માતાના અંતિમદર્શન માટે મૃતદેહને પોતાના ઘરે કે વતન સુધી લઈ જવાની તસ્દી પણ કળીયુગી શ્રવણે ન લીધી..!! જીવતાજીવ વૃધ્ધાશ્રમમાં અને મૃત્યુબાદ સીધા સ્મશાનની દીશા બતાવતા આજના કળિયુગી સંતાનો માટે સિવિલ કેમ્પસમાં પણ ફીટકારની લાગણી પ્રવર્તી હતી.

કોના છોરૂ ને કોના છોકરા
કોના મા અને બાપ
અંતે જાવુ સૌએ એકલા
સાથે પુણ્ય અને પાપ...

**શહેરના ઈતિહાસમાં આ કદાચ પ્રથમ કિસ્સો હશે કે મૃત માતાના અંતિમદર્શન માટે મૃતદેહને પોતાના ઘરે કે વતન સુધી લઈ જવાની તસ્દી પણ ન લીધી..!!**

પણ શું હોય? પાણી માગતા દૂધ હાજર થાય એટલી સાચવવી જોઈએને? હા. આ તો વ્યવહારિક વાત થઈ પણ દુનિયાને વ્યવહારિક વાતો ક્યાં રાસ આવે છે? ત્રણ દિકરાની માને વૃધ્ધાશ્રમમાં અંતિમ શ્વાસ લેવો પડે એનું નામ કળિયુગ... અને કરુણ વાસ્તવિકતા એ છે કે આ માને અંતિમ પળે મોઢામાં ગંગાજળ મુકવાની કે તુલસીનું પાન મુકવાની પણ દીકરાને ફુરસદ ન હોય અથવા કહો કે એની આવી માનસિકતા ન હોય અથવા કહો કે માણસાઈ મરી પરવારી હોય. જે કહો તે પણ કૈલાસ વૃધ્ધાશ્રમના એક માજી (રેવાબેન નાગરદાસ પંચાલ) ઉ.વ.૮૯ જેમના બે દિકરા અમદાવાદમાં રહે છે અને એક દિકરો વિદેશમાં રહે છતાં રેવાબેન છેલ્લા એક વર્ષથી પોતાની ખોવાયેલ જિંદગી શોધવા મથામણ કરતાં કરતાં કૈલાસધામ આવી પહોંચ્યા...

● અનુસંધાન પાન-૭ પર

# નેશનલ લોક અદાલતમાં ૨૭૭૧ કેસોનો નિકાલ : ૨.૯૪ લાખનો દંડ

## ૩૬ લોક અદાલતમાં રૂ. ૬૬,૭૯,૬૦૦નું વળતર ચુકવાયું

ગાંધીનગર, તા. ૨૫

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની સૂચના અન્વયે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ગત ૨૩ નવેમ્બરના રોજ જિલ્લા તેમજ તાલુકા અદાલતમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૩૬ લોક અદાલતમાં ૨૭૭૧ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે મોટર અકસ્માત સહીત અન્ય કેસોમાં રૂ. ૬૬,૭૯,૬૦૦નું વળતર ચુકવવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ આયોજિત નેશનલ લોક અદાલતમાં જિલ્લા તેમજ તાલુકાની અદાલતોમાં વિવિધ કેસો સમાધાન અર્થે મુકવામાં આવ્યા હતા. જેમાં મોટર અકસ્માત વળતરના ૨૮, દિવાની કેસો ૧૬૨, આ ઉપરાંત ૧૮૫૯ ફોજદારી કેસો તેમજ ૭૨૨ પ્રિલીટીગેશનના કેસ મુકવામાં આવ્યા હતા. લોક અદાલતના અંતે ૨૭૭૧ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં દેનાબેંક, ઉત્તર ગુજરાત વિજ કંપની, બેન્ક ઓફ ઈન્ડીયા, એલ.સી.આઈ., માસ ફાઈનાન્સના કેસોનો પણ નિકાલ કરાયો હતો. આ દરમિયાન મોટર અકસ્માતના કેસોમાં કુલ રૂ. ૫૧૩૯૮૦૦નું વળતર ચુકવવામાં આવ્યું હતું. જ્યારે અન્ય કેસોમાં પણ રૂ. ૧૫૩૯૮૦૦નું વળતર ચુકવાયું હતું. આ ઉપરાંત ક્રીમીનલ કેસોમાં રૂ. ૨૯૪૬૭૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. લોકઅદાલતમાં સમાધાન પંચો, વકીલો ઉપરાંત બેંકના અધિકારીઓએ પણ સહકાર આપ્યો હતો.

# ગાંધીનગરથી વલસાડ રૂટની નવી સ્લીપર બસ સેવા આરંભાઈ

## સાંજના સમયે મુસાફરોને ધ્યાને લઈ ખાસ બસ શરૂ કરાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરથી વલસાડ સુધીની ખાસ બસ સેવા શરુ કરવામાં આવી છે. હાલ સાંજે ૭ કલાકે આ બસ ઉપડે છે પરંતુ બસના સમયમાં ફેરફાર થવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાતના મુસાફરોને સીધી બસ સેવા પૂરી પાડવા આ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર એસ.ટી. ડેપોને ડેપોને તબક્કાવાર નવી બસો મોડેલ ડેપો બનાવવા ડેપો સંકુલમાં જરુરી સુવિધા ઉભી કરવા સહિત બસ સેવાને અસરકારક બનાવવા આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર અમદાવાદની બસ સેવાને લઈને પણ અપડાઉનકર્તાઓને સમયસર બસ મળે તે મુજબ ટાઈમ ટેબલનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. એસ.ટી. ડેપોને તબક્કાવાર નવી બસો ફાળવવામાં આવતા મુસાફરોને પણ આરામદાયક સવારી નસીબ થઈ છે. ત્યારે શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટ ઉપર પણ નવી બસો શરુ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ડેપોના સૂત્રોમાંથી જણાવાયા મુજબ ગાંધીનગરથી વલસાડ રૂટની નવી બસ સેવા શરુ કરવામાં આવી છે. હાલ પ્રાયોગિક ધોરણે આ બસનો સમય સાંજે ૭ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. પરંતુ આહવા રૂટની બસનો સમય પણ સાંજે ૭ વાગ્યાનો હોવાથી વલસાડની બસના સમયમાં ફેરફાર કરવામાં આવશે. વલસાડ રૂટની સીધી બસ શરૂ થતા નગરજનોને આ સ્લીપર બસ સેવાનો લાભ મળશે. એસ.ટી. ડેપોને તબક્કાવાર નવી બસો ફળવાતા નવા રૂટની બસ સેવા પણ શરુ કરી દેવામાં આવી છે.

## ખૂણે... ...ખાંચરેથી

- લાઈફ ઓકે ચેનલ પર આવતી મહાદેવ સિરીયલનું એડીટીંગ ગાંધીનગરનો યુવાન જન્મેજય જાની કરે છે.
- ગાંધીનગર શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં જ લોકો હવે મોડી સાંજથી જ ઘરમાં રહેવાનું વધુ પસંદ કરી રહ્યા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. ભરત પટેલ લાંબી રજા બાદ આજે પરત ફર્યા છે.
- મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી પર હુમલો થવાની મળેલી ધમકી અને આઈ.બી.એ આપેલા એલર્ટ પછી આજે મુખ્યમંત્રીના કાફલાની માર્ગ-સલામતીને લઈ આજે જિલ્લા પોલીસ વડાએ ખાસ સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશન કાર્ડની સાથે સાથે કુપન પ્રથા અમલી બનાવતાં ઘણા બધા ગ્રાહકો ખાદ્ય જથ્થો મેળવવાથી વંચિત રહેતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે.
- જિલ્લાની ડીસ્ટ્રીકટ લેવલ બેંકર્સ કમિટીની આજે કલેકટરશ્રીના અધ્યક્ષપદે મહત્વની બેઠક મળનાર છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે અધિકારીઓ વિવિધ રાજ્યોના પ્રવાસે

## અધિકારીઓ વિનાના વહીવટી તંત્રમાં નિર્ણયો વિલંબિત થઈ રહ્યા છે : તંત્ર સાવ ઠપ્પ

ગાંધીનગર, તા. ૨૫

સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રચાર પ્રસાર માટે સનદી અધિકારીઓ ઉપરાંત નાયબ સચિવ સંવર્ગના અધિકારીઓને વિવિધ રાજ્યોના પ્રવાસે મોકલતા સચિવાલયના વિભાગો અધિકારીઓ વિહોણા બન્યા છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સરદાર સરોવર નર્મદા બંધ નજીક નર્મદા નદીના સાધુબેટ ખાતે સરદાર પટેલની ભવ્ય પ્રતિમાનું નિર્માણ કરવામાં આવનાર છે. આ પ્રતિમાને સ્ટેચ્યુ ઓફ યુનિટી નામ આપવામાં આવ્યું છે તેમજ આ પ્રતિમાના નિર્માણ માટે દેશભરમાંથી ખેડૂતો પાસેથી લોખંડ એકત્રીત કરવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ડીસેમ્બર માસના પ્રથમ સપ્તાહથી મંત્રીઓના વડપણ હેઠળના પ્રતિનિધિ મંડળો વિવિધ રાજ્યોના પ્રવાસ જનાર છે. જો કે આ પ્રતિનિધિમંડળો રાજ્યોના પ્રવાસે જાય તે પૂર્વેની તૈયારી માટે રાજ્યના અધિકારીઓને વિવિધ રાજ્યોમાં સંમેલનો બેઠકો, રેલીઓનું આયોજન કરવા માટે મોકલવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે કેટલાક સનદી અધિકારીઓ અને નાયબ સચિવ સંવર્ગના અધિકારીઓને પણ પ્રચારની જવાબદારી સોંપવામાં આવી હોઈ મોટા ભાગના અધિકારીઓ વિવિધ રાજ્યોના પ્રવાસે ગયા હોઈ સચિવાલયના વિભાગોમાં અધિકારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે. ડીસેમ્બરના પ્રથમ સપ્તાહમાં પણ અધિકારીઓ મંત્રીઓ વિવિધ રાજ્યોના પ્રવાસે જનાર હોઈ આગામી સપ્તાહ પણ મંત્રીઓ અધિકારીઓ વિહોણું સચિવાલય બનશે.



સમી સાંજે અકસ્માત - નગરના હાર્દ સમા ચ-૫ વિસ્તારમાં મોંઘીદાટ ગાડી ગાય સાથે અથડાતા ગાડીને અને ગાયને બંનેને ગંભીર ઈજાઓ થઈ હતી. પહોળા માર્ગો અને ટ્રાફીક નિયમનના અભાવને કારણે ગાંધીનગર અકસ્માત સર્જાવામાં સમગ્ર રાજ્યમાં મોખરે છે... દ્વિચકી વાહનોના અકસ્માતો તો રોજ થાય છે... અને ચ-૫, ચ-૩ અને ખ-માર્ગ ઉપર કાર અકસ્માત પ્રમાણમાં વધુ થાય છે... રખડતાં પશુઓ પણ કેટલેક અંશે આ અકસ્માતો માટે જવાબદાર હોય છે.. તંત્ર અને સમાજ સાથે મળી અકસ્માતો નાથવામાં કોઈ નક્કર કાર્યયોજના ઘડે અને અમલ કરે તો જ દુર્ઘટનાઓ ટાળી શકાય....

# આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિકયુટર એસોસિએશનની ચૂંટણીમાં ગાંધીનગરના એ.પી.પી.નો વિજય

## રાજય એ.પી.પી. એસોસિએશનના પ્રમુખ તરીકે ગાંધીનગરના અશ્વિન પરમાર તેમજ ઉપપ્રમુખ પદે કિશોરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત રાજય આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિકયુટર એસોસિએશની ચૂંટણીમાં પ્રમુખ અને ઉપપ્રમુખપદે ગાંધીનગર કોર્ટમાં ફરજ બજાવતા બે સરકારી વકીલો ચૂંટાયા છે. દર બે વર્ષે યોજાતી આ ચૂંટણીમાં જામનગર, સુરત, બરોડા, જૂનાગઢ સહિત વિવિધ શહેરોમાંથી વકીલો મતદાનની પ્રક્રીયામાં જોડાયા હતાં.



રાજય આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિકયુટર (એ.પી.પી.) એસો.ની ચૂંટણીમાં ગાંધીનગરના બે વકીલોને મહત્વનું સ્થાન મળ્યું છે. તા. ૨૪ નાવેમ્બરે અમદાવાદ સ્થિત મેટ્રો કોર્ટમાં એ.પી.પી. એસોસિએશનની ચૂંટણી યોજવામાં આવી હતી. આ ચૂંટણીમાં પ્રમુખ તરીકે ગાંધીનગર કોર્ટના સરકારી વકીલ અશ્વિનભાઈ

● અનુસંધાન પાન-૭ પર



રંગબેરંગી ફુગ્ગા - એ આવ્યો, ફુગ્ગાવાળો આવ્યો.... જ્યારે નાનપણમાં આ સાદ સાંભળતા ત્યારે ફુગ્ગો લેવા દોડી જતા.... પણ અત્યારે ફુગ્ગાની જગ્યાએ ટેડીબિયરે સ્થાન લઈ લીધું છે... એટલે આ ફુગ્ગાવાળા શહેરમાં ઠેર ઠેર ફરીને ફુગ્ગા વેચે છે અને પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે... આ ફુગ્ગાવાળા પણ આધુનિક ટેકનોલોજી સાથે સાથે જોડાઈને હવા ભરેલા ફુગ્ગાની જગ્યાએ નવી ટેકનોલોજીવાળા ફુગ્ગા લઈને નિકળી પડે છે... અને ફુગ્ગાની સાથે સાથે પણ બાર્બીડોલ જેવી નાની ફુગ્ગાની ઢીંગલીઓ નાના બાળકોમાં આકર્ષણ જન્માવે છે... નરમ-નાજુક ફુગ્ગા-ઢીંગલીઓ રમતા - રમતા બાળપણ પસાર કરતાં ભૂલકાંઓ આવનારી આધુનિક ટેકનોલોજીને પણ અપનાવી રહ્યા છે....

(તસવીર : દિપક જાની)

# વિધાનસભાનું ટુંકુ સત્ર ફેબ્રુઆરીના બીજા સપ્તાહે યોજવા હિલચાલ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભાના ફેબ્રુઆરીના બીજા સપ્તાહમા મળનારા આઠથી દસ દિવસના ટુંકા સત્રમાં ગુજરાત સરકાર પૂર્ણ કદનું અંદાજપત્ર રજુ કરવાને બદલે વોટ ઓન એન્કાઉન્ટ રજુ કરી રાજયના ચાર મહિનાના આવક-જાવક અને ખર્ચ માટે ગૃહની મંજુરી મેળવશે તેમ સુત્રો દ્વારા જાણવા મળે છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ દેશમાં વર્ષ ૨૦૧૪ના એપ્રિલ કે મે મહિનામાં લોકસભાની ચૂંટણી યોજાવવાની શક્યતા વચ્ચે કેન્દ્ર સરકાર પણ ફેબ્રુઆરીમાં મળનારા સંસદના ટુંકા શિયાળુ સત્રમાં વોટ ઓન એકાઉન્ટ રજુ કરશે. લોકસભાની ચૂંટણી દરવાજે દસ્તક દઈ રહી છે ત્યારે કોંગ્રેસના નેતૃત્વ વાળી કેન્દ્રની યુપીએ સરકારના તમામ સાથી પક્ષો અને મુખ્યપક્ષ સહિત મુખ્ય વિરોધપક્ષ પણ ચૂંટણીની તૈયારીઓમાં વ્યસ્ત હોવાથી કેન્દ્રમાં પૂર્ણ કદનું બજેટ રજુ થઈ શકશે નહીં. જેના પગલે ગુજરાત સહિત મોટાભાગની રાજ્ય સરકારે પણ વોટ ઓન એકાઉન્ટ દ્વારા ચાર મહિનાના ખર્ચાઓની ગૃહની મંજુરી મેળવશે અને જુન કે જુલાઈમાં ફરી મળનારા સંસદ ઉપરાંત રાજ્ય વિધાનસભાઓના ગૃહમાં પૂર્ણ કદના બજેટ મંજુર કરાશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com